શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના તાલુકા, જીલ્લા
અને રાજય કક્ષાએ પારિતોષિક આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૧/૧૨/૨૦૧૫

સંદર્ભઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૧/૮/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃપીટીસી/૧૪૮૯/૧૭૬૨ક
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૭/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૮૯/૧૪૦/ક
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૦/૧/૧૯૯૪નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૯૨/જી/૧૪૨/ક
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૪/૬/૧૯૯૭નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૩૯૭/ખ/૬૧/ક
(૫) શિક્ષણ વિભાગનો તા.૨૯/૫/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૯૦/ક
(૬) શિક્ષણ વિભાગનો તા.૭/૮/૨૦૭નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૦૭/૬૦૩/ક
(૭) શિક્ષણ વિભાગનો તા.૫/૩/૨૦૧૧નો પરિપત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૧૦૯/૫૨૯/ક
(૮) શિક્ષણ વિભાગનો તા.૭/૮/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક,

આમુખઃ-

સંદર્ભ(૮)માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવથી શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના તાલુકા, જીલ્લા અને રાજય કક્ષાએ પારિતોષિક આપવાની નીતિ નિયત કરવામાં આવેલ છે. હાલની જોગવાઇઓમાં કેટલાક વહીવટી ફેરફાર/સુધારા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ ઠરાવો પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે રાજયના શિક્ષકોને તાલુકા/જિલ્લા તથા રાજય કક્ષાએ પરિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટે " શ્રેષ્ઠ શિક્ષક પરિતોષિક તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ નામાભિધાન " સાથે યોજના બાબતે આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવની હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|
| બ | જિલ્લાકક્ષાના ૪ પારિતોષિક જેમાં ૨ પારિતોષિક પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૧(એક) પુરસ્કાર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે જયારે ૧ પુરસ્કાર સી.આર.સી., કેળવણી નિરિક્ષક અને તેમના સમકક્ષ અન્ય કેટેગરી પૈકી ગમે તે એક | જિલ્લાકક્ષાના ૪ પારિતોષિક જેમાં ૨ પારિતોષિક પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૧ પુરસ્કાર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે, ૧ પુરસ્કાર સી.આર.સી., બી.આર.સી.મદદનીશ કેળવણી નિરિક્ષક, કેળવણી નિરીક્ષક માટે |

<table>
<tr>
<td>૬</td>
<td>રાજય કક્ષાના ૪૭ એવોર્ડ પૈકી ૨૦ પુરસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૩ પુરસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષણ નિરિક્ષકો માટે ૩ પુરસ્કાર, સી.આર.સી.બી.આર.સી.,મદદનીશ શિક્ષણ નિરિક્ષક (દરેક માટે એક) ૧૦ પુરસ્કાર, માધ્યમિક શિક્ષક ૫ પુરસ્કાર ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે ૩ પુરસ્કાર માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક આચાર્યો માટે તથા ૩ પુરસ્કાર ખાનગી, પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે રાખવાના રહેશે. કોર્પોરેશન અને નગરપાલિકાની શાળાના શિક્ષકોને પુરસ્કાર અંગેની કાર્યવાહી જે તે તાલુકા /જિલ્લા સાથે કરવાની રહેશે.</td>
<td>રાજય કક્ષાના ૪૭ એવોર્ડ પૈકી ૨૦ પુરસ્કાર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૪ પુરસ્કાર પ્રાથમિક શાળાના કેળવણી નિરિક્ષકો માટે, ૪ પુરસ્કાર, સી.આર.સી. બી.આર.સી.,મદદનીશ શિક્ષણ નિરિક્ષક માટે, ૮ પુરસ્કાર માધ્યમિક શાળાના શિક્ષક માટે, ૪ પુરસ્કાર ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે, ૮ પુરસ્કાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યો માટે, ૪ પુરસ્કાર અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના શિક્ષકો માટે રાખવાના રહેશે.<br>કોર્પોરેશન અને નગરપાલિકાની શાળાના શિક્ષકોને પુરસ્કાર અંગેની કાર્યવાહી જે તે તાલુકા/ જિલ્લા સાથે કરવાની રહેશે.</td>
</tr>
<tr>
<td>અરજી કરવાની પધ્ધતિ</td>
<td>શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર માટે ૧૫(પંદર) વર્ષનો અનુભવ જંરૂરી છે.</td>
<td>
<table>
<tr><td>(૧) સરકારી પ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો</td><td>૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ</td></tr>
<tr><td>(૨) માધ્ય./ઉ.મા. શાળાના આચાર્ય</td><td>કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો આચાર્ય તરીકેનો અનુભવ</td></tr>
<tr><td>(૩) સી.આર.સી.</td><td>કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો સી.આર.સી.તરીકેનો અનુભવ</td></tr>
<tr><td>(૪) બી.આર.સી</td><td>કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો બી.આર.સી.તરીકેનો અનુભવ</td></tr>
<tr><td>(૫) મદદનીશ શિક્ષણ નિરિક્ષક (માધ્યમિક)</td><td>કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેનો અનુભવ</td></tr>
<tr><td>(૬) કેળવણી નિરીક્ષક</td><td>કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો કેળવણી નિરીક્ષક તરીકેનો અનુભવ</td></tr>
</table>
</td>
</tr>
</table>

<table>
<tr><td></td><td></td><td><table><tr><td>(૭) અપંગ કેટેગરી</td><td>૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ</td></tr></table></td></tr>
<tr><td>૬</td><td>તાલુકા, જિલ્લા, રાજય કક્ષાના પુરસ્કારોમાં સમિતિનો નિર્ણય આખરી ગણાશે જિલ્લા સ્તર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. જયારે રાજય કક્ષાએ અગ્રસચિવશ્રી(પ્રા.શિ.)ની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે અને શાળા સ્થળે ચકાસણી કર્યા પછી જ પુરસ્કાર આપી શકાશે.</td><td>તાલુકા, જિલ્લા, રાજય કક્ષાના પુરસ્કારોમાં સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જિલ્લા સ્તર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. જયારે રાજય કક્ષાએ અધિક મુખ્ય સચિવશ્રી (પ્રા.શિ.) ની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. આ સમિતિને જરૂર જણાય તો શાળા સ્થળે ચકાસણી કર્યા બાદ અને અરજદારની રૂબરૂ મુલાકાત લઇ પુરસ્કાર આપી શકાશે.</td></tr>
<tr><td>૭</td><td>આ પુરસ્કારો માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો/આચાર્યો માટે ગુણોત્સવમાં ઓછામાં ઓછા ૪(ચાર)પોઇન્ટ શાળાએ મેળવ્યા હોય તેવી શાળાઓના શિક્ષકો/આચાર્યો ભાગ લઇ શકશે.</td><td>આ પુરસ્કારો સરકારી પ્રાથમિક શાળાના સરકારી શાળાના શિક્ષકો/આચાર્યો માટે ગુણોત્સવમાં ઓછામાં ઓછા A અથવા B ગ્રેડ મેળવ્યા હોય તેવી શાળાઓના શિક્ષકો/આચાર્યો ભાગ લઇ શકશે. જયારે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક માટે પોતાના વિષયનું બોર્ડનું પરિણામ જે વિભાગ માટે અરજી કરી હોય તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૮૦ ટકા થી વધુ હોવું જોઇએ. અને શાળાનું પરીણામ ૮૦ ટકાથી વધુ હોવું જોઇએ.</td></tr>
<tr><td>ઠરાવમાં સમાવેશ</td><td></td><td>નીચે મુજબ ઝોન પાડી એવોર્ડ આપવાની કામગીરી કરવાની થાય.<br><table><tr><td>ઝોન-૧ શહેરી વિસ્તાર વાળા ૭ જિલ્લાઓ</td><td>અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જૂનાગઢ</td></tr><tr><td>ઝોન-૨ નવા ૭ જિલ્લાઓ</td><td>અરવલ્લી, મહીસાગર, છોટા ઉદેપુર, મોરબી, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા,</td></tr><tr><td>ઝોન-૩ આદિવાસી ૯ જિલ્લાઓ</td><td>બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ,</td></tr></table></td></tr>
</table>

| | |
|---|---|
| | દાહોદ, નર્મદા, નવસારી, વલસ ડાંગ |
| ઝોન-૪ ૧૦ જિલ્લાઓ | મહેસાણા, પાટણ, ગાંધીનગર, ખેડા, આણંદ, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર, કચ્છ |

ઠરાવમાં સમાવેશ

| પ્રકાર | ઝોન દિઠ સંખ્યા | કુલ એવોર્ડની સંખ્યા |
|---|---|---|
| પ્રા.શાળાના શિક્ષકો | ૫ | ૨૦ |
| માધ્ય. શાળાના શિક્ષકો | ૨ | ૮ |
| ઉ.મા.શાળાના શિક્ષકો | ૧ | ૪ |
| માધ્ય./ઉ.મા. ના આચાર્યો | ૨ | ૮ |
| કેળવણી નિરીક્ષક પ્રાથમિક | ૧ | ૪ |
| સી.આર.સી.બી.આર.સી મદદનીશ શિક્ષણ નિરીક્ષક | ૧ | ૪ |
| અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના શિક્ષકો માટે | ૧ | ૪ |
| | કુલ | ૫૨ |

૨. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

(પાછળ)

૩. આ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એન. બ્રહ્મભટ્ટ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉ. અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા